# ઘરમાં રહીએ... 'સ્વ'ની આનંદયાત્રા કરીએ...

આપણે કયારેય કલ્પના પણ કરી ના હોય એવું સંકટ આંગણે આવ્યું છે, દસ હજારથી વધુ લોકોએ પ્રાણ ગુમાવ્યા છે, ત્યારે ગંભીર થવાની જરૂર છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે કહ્યું કે આ લાંબી



પ્રસંગસર

ભાગ્યેશ જહા

લડાઈની શરુઆત છે. મિત્રો, લોકડાઉનનો કડક અમલ કરીએ, કરાવીએ. કયાંય પણ અડીએ ત્યારે સાબુથી હાથ ધોઈએ... વીસ સેકન્ડ સુધી હાથ ધોઈએ. આ સામાન્ય મહામારી નથી, આપણે બે અઠવાડિયા સખત સંયમ સાથે ઘરમાં રહીશું તો કદાચ સંકટ હળવું કરી શકીશું.




જગતનાં વૈજ્ઞાનિકો અને આપણા પોતાના વિશ્વનેતા એવા નરેન્દ્રભાઈ અને અનેકો આ કટોકટીમાંથી કેવી રીતે બહાર આવી શકાય એ માટે રાતદિવસ ચિંતનશીલ અને પ્રયત્નશીલ છે, સારું પરિણામ આવશે, સૌનું શુભ થશે. પણ આ ક્ષણ આપણી ધીરજ અને દઢતાની પરીક્ષાની છે. પોઝીટીવ વિચારો. ધ્યાન અને પ્રાર્થનાથી વિશ્વકલ્યાણ માટે સંકલ્પિત થાઓ.

સરકાર અને આરોગ્ય અધિકારીઓ જે સૂચનાઓ આપે છે એનો કડક અમલ કરો.

પોતાની સાથે રહેવાથી એક અદ્‌ભુત આધ્યાત્મિક આનંદયાત્રા કરી શકાય છે, એને અનુભવવાની શરુઆત આજથી જ કરો...

સૌનું કલ્યાણ થાઓ, મંગલ થાઓ...

## રાજ્યમાં સંભવિત

# કોરોનાગ્રસ્ત વિસ્તારમાં ૧.૦૭ કરોડ નાગરિકોનું સર્વેલન્સ પૂર્ણ


ગાંધીનગર, તા.૨૫

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ જયંતિ રવિએ જણાવ્યું છે કે કોરોના વાયરસને આગળ વધતો તેમજ તેનું સંક્રમણ અટકાવવા માટે રાજ્ય સરકારે સર્વેલન્સ અને ટ્રેકિંગને વધુ સઘન બનાવ્યું છે. આજ સુધીમાં રાજ્યમાં ૧,૦૭,૬૨,૦૧૨ નાગરિકોનું સર્વેલન્સ-ટ્રેકિંગ પૂર્ણ કરાયું છે.

- **રાજ્યમાં આજે વધુ ત્રણ પોઝિટિવ કેસઃ કુલ ૩૮ કેસ નોંધાયા**
- **રાજ્યમાં ૨૦,૬૮૮ દર્દીઓ ૧૪ દિવસના કોરેન્ટાઇન હેઠળ: ૧૪૭ વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધાઇ**
- **૧૦૪ હેલ્પલાઇન પર આજ સુધી પંદર હજારથી વધુ કોલ**
- **સરકારી હોસ્પિટલમાં ૧૫૮૩ જયારે ખાનગી હોસ્પિટલમાં ૬૩૫ બેડ ઉપલબ્ધ**

આજે સવારે કોરોના વાયરસ સંદર્ભે રાજ્ય સરકારે કરેલ કામગીરીની વિગતો મીડિયાને આપતા ડૉ. રવિએ ઉમેર્યું કે આજે રાજ્યમાં વધુ ત્રણ નવા કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે કુલ ૩૮ પોઝિટિવ કેસ નોંધાયા છે આજે જે ત્રણ કેસ નોંધાયા છે તેમાં એક અમદાવાદમાં જે દુબઈની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે અને એક- એક વડોદરા અને સુરતમાં છે જે સ્થાનિક ટ્રાન્સમિશનના કારણે નોંધાયો છે. આજદિન સુધી અમદાવાદમાં ૧૪, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૩, વડોદરામાં ૦૭, ગાંધીનગરમાં ૦૬ અને કચ્છમાં ૦૧ કોરોનાનો પોઝિટિવ કેસ નોંધાયો છે.

રવિએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવાઈ છે. સર્વેલન્સ દરમિયાન ૫૦ વ્યક્તિઓમાં રોગની અસર જણાતા વધુ તપાસ કરવામાં આવી છે. રાજ્યમાં ૨૦,૬૮૮ નાગરિકો ૧૪ દિવસના કોરેન્ટાઈન હેઠળ છે જેમાં ૪૩૦ વ્યક્તિઓ સરકારી હોસ્પિટલમાં, ૨૦,૨૨૦ હોમ કોરેન્ટાઈન અને ૩૮ ખાનગી કોરેન્ટાઈન હેઠળ છે. જે લોકોએ કોરેન્ટાઈનનો ભંગ કર્યો છે તેવા ૧૪૭ વ્યકિતઓ સામે એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. રાજયમાં ૧૦૪ હેલ્પલાઈન પણ કાર્યરત છે જેમાં અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ કોલ આવ્યા છે. જેમને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે જે પૈકી ૨૫૮ વ્યક્તિઓને સારવાર પુરી પડાઈ છે.



ડૉ. રવિએ ઉમેર્યું હતું કે રાજ્યના ૪ મહાનગરોમાં કોરોના વાયરસ વાળા દર્દીઓની સારવાર માટે ખાસ હોસ્પિટલ કાર્યરત કરાઇ છે જેમાં અમદાવાદમાં ૧૨૦૦ બેડ, સુરતમાં ૫૦૦ બેડ, વડોદરા અને રાજકોટમાં ૨૫૦-૨૫૦ બેડની સુવિધા ઉપલબ્ધ છે. સાથે સાથે રાજયમાં ૧૫૮૩ આઈસોલેશન બેડ સરકારી હોસ્પિટલમાં અને ૬૩૫ બેડની વ્યવસ્થા ખાનગી હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે. અને વધુ બેડ ઉભા કરવાની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ છે. ગંભીર દર્દીઓને સારવાર માટે તમામ વિભાગોમાં થઈને સરકારી હોસ્પિટલ ખાતે ૬૦૯ વેન્ટિલેટર અને ખાનગી સંસ્થાઓમાં અંદાજે ૧૫૦૦ જેટલા વેન્ટિલેટર ઉપલબ્ધ છે.

તેમણે ઉમેર્યું કે રાજ્યની અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર તથા જામનગર ખાતેની મેડિકલ કોલેજોમાં કોવિદ-૧૯ અંતર્ગત લેબોરેટરી ટેસ્ટ માટે ટેસ્ટીંગની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કોરોના વાયરસ રોગનો ફેલાવો અટકે તે માટે સોશિયલ ડિસ્ટન્સિંગ અત્યંત અનિવાર્ય છે ત્યારે નાગરિકો પણ તેની ખાસ તકેદારી રાખે એ માટે રાજ્ય સરકાર દ્વારા અપીલ પણ કરાઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું.



જય ઝૂલેલાલ, કોરોના વાયરસના પગલે નવા વર્ષની (ચેટી ચાંદ) ઉજવણી ગાંધીનગર સિંધી સમાજના જનરલ સેક્રેટરી અનિલભાઈ જયસિંઘાનીએ પરિવાર સાથે જુલેલાલ ભગવાનની જ્યોત પ્રગટાવીને ચેટીચાંદની ઉજવણી કરી.

## શહેરના માર્ગો પર વતન પરત ફરતાં મજૂરોને લીબું શરબત અને છાશ વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેવાભાવી યુવાન કુણાલ વ્યાસ દ્વારા શહેરના માર્ગ પરથી ચાલતા ચાલતા પોતાના વતનમાં રાજસ્થાન જતા પુરુષો, મહિલાઓ અને બાળકોને અને ફરજ પર પોલીસ ભાઈ બહેનોને લીંબુ શરબત અને ઠંડી છાશનું વિતરણ કરી સેવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# ડેઝર્ટ હૉક્સ દ્વારા પૂર્વ સૈનિકો સુધી પહોંચવા માટે વૉક એન્ડ ટૉકનું આયોજન






ગાંધીગનગર, તા.૨૫

કોણાર્ક કોર્પ્સની આગેવાની હેઠળ વૉક એન્ડ ટૉક અંતર્ગત નિવૃત્ત જવાનો સાથે ડેઝર્ટ હૉક્સ વાર્ષિક સંપર્ક કાર્યક્રમનો ૧૭ માર્ચ ૨૦૨૦ના રોજ કોણાર્ક કોર્પ્સના કમાન્ડિંગ ઓફિસર કર્નલ નીતિન દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. ૩૯ સભ્યોની ટીમ દ્વારા ૧૭ માર્ચ ૨૦૨૦ ના રોજ બાકાસરીથી શરૂ થયેલી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભૂતપૂર્વ સૈનિકો, તેમના પરિવારજનો સાથે વાતચીત કરવી અને તેમની સમસ્યાઓને દૂર કરવી તેમજ સરહદી વિસ્તારના યુવાનોને સેનામાં ભરતી થવા માટે પ્રેરિત કરવાનો છે. આ અભિયાનનો ઈરાદો સરહદી વિસ્તારની વસતીને કોવિડ-૧૯ના લક્ષણો અને તેની સામે બચાવથી માહિતગાર કરવાનો પણ છે. આ કાર્યક્રમ હેઠળ કુલ ૭૯૦ કિમીનું અંતર કાપવામાં આવશે અને ૪૨ ગામની વસતીનો સંપર્ક કરાશે. આ કાર્યક્રમ ૨૪ દિવસ બાદ ૦૯ એપ્રિલના રોજ ગામનેવાલામાં સંપન્ન થશે.

## એનડીડીબીનો આઈએનએપીએચ - પ્રમુખ રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમની કરોડરજ્જુ

**૧.૮૩ કરોડ પશુપાલકોની માલિકીના ૩.૪૫ કરોડથી પણ વધુ પશુઓની પહેલેથી જ નોંધણી થઈ ચૂકી છે**

આણંદ,

રૂ. ૧૩,૩૪૩ કરોડની કુલ ખર્ચજોગવાઈ ધરાવતા નેશનલ એનિમલ ડીસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ (એનએડીસીપી-રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ) એ ભારતના માનનીય વડા પ્રધાન દ્વારા લૉન્ચ કરવામાં આવેલ ૫ વર્ષ ચાલનારો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ કાર્યક્રમની પરિકલ્પના ગોવંશમાં જોવા મળતાં ફૂટ એન્ડ માઉથ ડીસીઝ (એફએમડી) અને બ્રુસેલોસિસ જેવા રોગોનું નિયંત્રણ કરવા માટે થઈ છે. આ પ્રકારના રોગોને કારણે દેશના પશુપાલકોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડે છે.

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ (એનડીડીબી) દ્વારા વિકસાવવામાં અને સ્થાપિત કરવામાં આવેલ આઈસીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ફોર્મેશન નેટવર્ક ફોર એનિમલ પ્રોડક્ટિવિટી એન્ડ હેલ્થ (આઈએનએપીએચ) એ એનએડીસીપીની કરોડરજ્જુ છે.

પ્રત્યેક પ્રાણી માટે હાથ ધરવામાં આવેલ તમામ રસીકરણ અને અન્ય કોઈ હસ્તક્ષેપના વ્યક્તિગત રેકોર્ડને પ્રાણીઓના કાન પરના વિશિષ્ટ નંબર તથા તેના માલિકની વિગતોની સાથે આઈએનએપીએચમાં જાળવી રાખવામાં આવે છે. એનડીડીબીના ચેરમેન શ્રી દિલીપ રથએ જણાવ્યું હતું કે, તેનાથી પ્રાણીઓના ટ્રેકિંગ અને ડેટાની વિશ્વસનિયતા તો સુનિશ્ચિત થશે જ પરંતુ તેની સાથે-સાથે રોગમુક્ત સ્થિતિ પ્રાપ્ત કરવામાં પણ મદદ મળી રહેશે. એનએડીસીપી હેઠળ પ્રત્યેક પ્રાણીની ઓળખ કરવી ખૂબ જ જરૂરી છે, જેમ કે, વિશિષ્ટ પ્રકારના ઓળખ નંબર પ્રિન્ટ કરેલા ઈયર-ટૅગ ધરાવતા ઢોર, ભેંસ, ઘેંટા, બકરી અને ભૂંડ.

આઈએનએપીએચમાં એકવાર નોંધણી થઈ ગયાં બાદ પ્રત્યેક પ્રાણી પર હાથ ધરવામાં આવેલ તમામ હસ્તક્ષેપો પશુપાલકોને અને નીતિ ઘડનારાઓને તરત ઉપલબ્ધ થઈ જશે, જે સૂચિત નિર્ણયો લેવામાં તથા પશુપાલનના ક્ષેત્રમાં વિકાસને વેગવંતો બનાવનારા સુદ્રઢ ડેટાબેઝની રચના કરવામાં મદદરૂપ થશે.

અત્યાર સુધીમાં ૧.૮૩ કરોડ પશુપાલકોના ૩.૪૫ કરોડથી પણ વધુ ગોવંશોની નોંધણી આઈએનએપીએચની સિસ્ટમમાં થઈ ચૂકી છે. આઈએનએપીએચના ડૅશ-બૉર્ડ પર રસીકરણનો રીયલ-ટાઈમ ડેટા રાજ્યવાર, જિલ્લાવાર, તાલુકાવાર અને ગામવાર ઓનલાઈન http://inaph.nddb.coop/ પર ઉપલબ્ધ છે.

# અમદાવાદ-ચાંદખેડા વિસ્તારના આનંદ ગરબા મંડળની બહેનોની માનવતા મહેંકી ઉઠી







ગાંધીગનગર, તા. ૨૫

હાલમાં સમગ્ર વિશ્વ કોરોના નામના વાયરસની મહામારી માંથી પસાર થઈ રહ્યો છે. આ કોરોના નામના રાક્ષસને નાથવા માટે આપની સરકાર પણ અથાગ પ્રયત્નો કરી રહી છે. જેના પગલે હાલમાં ૧૫ એપ્રીલ સુધી સમગ્ર ભારતને લોકડાઉન કરી દેવામાં આવ્યુ છે.

આ મહામારીમાં આપણી વચ્ચે ખડેપગે ઉભા રહીને ફરજ બજાવતા આપણા પોલીસના જવાનો, ડોક્ટરો, ૧૦૮ ની ટીમ, ફાયર બ્રિગેડની ટીમ, તેમજ અન્ય સરકારી કર્મચારીઓ આપણા દેશ માટે દરેક પરીસ્થિતીનો સામનો કરી ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ કર્મચારીઓ તડકો-છાંયો, ભુખ-તરસ કે દિવસ-રાત જોયા વિના સેવાઓ આપી રહ્યા છે.

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલ આનંદ ગરબા મંડળની બહેનોએ આ જવાનો માટે ફુડ પેકેટ બનાવી, ચાંદખેડા, ઝુંડાલ, તપોવન સર્કલ, મોટેરા, વિસત સર્કલ, સાબરમતી, આર.ટી.ઓ સર્કલ, રાણીપ, તેમજ જગતપુર જેવા વિસ્તારોમાં ફુડ પેકેટ પહોંચાડી માનવતાનું ઉદાહરણ પુરુ પાડવામાં આવ્યુ હતુ. આ આનંદ ગરબા મંડળ આ જ રીતે અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા સંકળાયેલું રહે છે.

## જન્મદિને વધામણી



નરેન્દ્રભાઈ શાહ
ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક કો-ઓ બેન્ક લિ.
ફોન : ૨૩૨૪૬૪૧૭
મો. ૯૮૨૫૭ ૪૨૧૨૬




જશુબેન ઠક્કર
અગ્રણી, મહિલા પાંખ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાયત્રી પરિવાર



ડો. ધર્મેન્દ્ર પટેલ
અધ્યાપક, અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ અને સંચાલક, સર્વ નેતૃત્વ તાલીમ કાર્યક્રમ
મો. ૯૪૨૮૪ ૮૨૧૮૨



ડો. ધ્વનિ રાઠોડ
ડર્મેટોલોજીસ્ટ




મસ્તી ત્રિવેદી




ધારા મહેન્દ્રસિંહ વાઘેલા
મો. ૯૬૬૨૩ ૫૯૭૫૫



દર્શનાબેન પી ઉપાધ્યાય
બહુચર મંડળ
મો. ૯૬૨૮૫ ૦૧૧૩૧



રાજવીરસિંહ વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



અંશ વિપુલભાઈ પુરબીયા
મો. ૯૬૬૨૫ ૨૦૫૯૦



જેનિલ વિકાસ રાવલ